કેન્દ્રીય સાતમા પગાર પંચની ભલામણોને અનુલક્ષીને
રાજ્ય સરકારના કર્મચારીઓના ભથ્થાં, તફાવતની
રકમની ચૂકવણી અને પગાર વિસંગતતા વિગેરે
બાબતોની વિચારણા કરવા મંત્રીમંડળની પેટા
સમિતિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર

નાણા વિભાગ

સરકારી ઠરાવ ક્રમાંક: પગર/ ૧૦૨૦૧૬ / ૪ /પગાર એકમ

સચિવાલય, ગાંધીનગર

તા. ૧૦ / ૧૦ /૨૦૧૬

વંચાણે લીધા

(૧) નાણા વિભાગનો તા.૧૬-૮-૨૦૧૬નો સરકારી ઠરાવ ક્રમાંક-પગર/૧૦૨૦૧૬/૧/પગાર એકમ

ઠરાવ

**સાતમા** કેન્દ્રીય પગાર પંચની ભલામણો સંદર્ભે રાજ્યના સરકારી કર્મચારીઓ અને પંચાયતના કર્મચારીઓની 'સ્કેલ ટુ સ્કેલ' ને ધોરણે પગાર સુધારણા મંજુર કરવાનો નિર્ણય સરકાર દ્વારા લેવામાં આવેલ છે અને તે સંદર્ભે નાણા વિભાગના ઉપર વંચાણે લીધામાં દર્શાવેલ તા.૧૬-૮-૨૦૧૬ના ઠરાવથી હુકમો કરવામાં આવેલ છે. સાતમા કેન્દ્રિય પગાર પંચની જુદા જુદા ભથ્થાઓ અંગેની ભલામણો સંદર્ભે વિચારણા કરવા અને રાજ્ય સરકારના કર્મચારીઓના ભથ્થાં, તફાવતની રકમની ચૂકવણી અને પગાર વિસંગતતા વિગેરે આનુષાંગિક બાબતો સંદર્ભે વિચારણા કરવા મંત્રીમંડળની પેટા સમિતિની રચના કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઉપર દર્શાવેલ બાબતોની વિચારણા કરવા આથી નીચે દર્શાવ્યા મુજબની મંત્રીમંડળની પેટા સમિતિની રચના કરવામાં આવે છે.

| | |
|---|---|
| (૧) માન. નાયબ મુખ્ય મંત્રીશ્રી (મંત્રીશ્રી-નાણા) | અધ્યક્ષ |
| (૨) માન. મંત્રીશ્રી, શિક્ષણ અને મહેસૂલ | સભ્ય |
| (૩) માન. મંત્રીશ્રી પાણી પુરવઠા અને પશુપાલન | સભ્ય |
| (૪) માન. રા.ક. મંત્રીશ્રી, ગૃહ | સભ્ય |
| (૫) માન. રા.ક.મંત્રીશ્રી, પંચાયત | સભ્ય |

આ સમિતિના સચિવ તરીકે સચિવશ્રી (આર્થિક બાબતો ), નાણા વિભાગ ફરજ બજાવશે.

૨...

આ સમિતિ રાજ્ય સરકારના અધિકારીઓ/કર્મચારીઓના નીચે જણાવ્યા મુજબના મુદ્દાઓ પરત્વે વિચારણા કરી અહેવાલ સરકારને રજુ કરશે.

**<u>સમિતિની વિચારણા માટેના મુદ્દાઓ (Terms of Reference):-</u>**

(૧) પગાર સુધારણા તેમજ પેન્શન સુધારણાને કારણે મળવાપાત્ર પગાર-પેન્શન તફાવત (Arrears)ની રકમ ક્યારે અને કેવી રીતે ચુકવવી તે બાબતે વિચારણા કરવી.

(૨) કેન્દ્ર સરકાર દ્વારા અન્ય ભથ્થાઓની સુધારણા કરવા બાબતે હુકમો બહાર પાડયા બાદ તેને ધ્યાને રાખીને મોંઘવારી ભથ્થા સિવાયના અન્ય ભથ્થાઓની સુધારણા કરવા બાબતે યોગ્ય તે વિચારણા કરવી.

(૩) કેન્દ્રીય સાતમા પગાર પંચની ભલામણોના અમલને કારણે ઊભી થતી પગાર વિસંગતતા અંગે મળેલ રજૂઆતો પરત્વે જરૂરી વિચારણા કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(શૈલેષ વિ. પરમાર)
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

* માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી,
માન.વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ.ગાંધીનગર
સચિવાલયના સર્વે વિભાગો.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, (૧) ઓડીટ, અમદાવાદ
સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી,(૨) (એ. એન્ડ ઈ), રાજકોટ
સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી,(૨) (એ. એન્ડ ઈ), અમદાવાદ
સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી,( ઓડીટ), રાજકોટ.

સર્વે ખાતાના વડાઓ/કચેરીના વડાઓ/કલેક્ટરશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીઓ

હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી,

નિરીક્ષકશ્રી. સ્થાનિક હિસાબ ભંડોળ, ગાંધીનગર,

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ

પગાર અને હિસાબી અધિકારીશ્રી, નર્મદા યોજના, ગાંધીનગર/વડોદરા

સર્વે સહાયક નિરીક્ષકશ્રીઓ.

નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ

સર્વે માન્ય કર્મચારી મંડળો

નાણા વિભાગના સર્વે અધિકારીઓ/ સર્વે શાખાઓ

પસંદગી ફાઈલ નાણા વિભાગ-મ, ચ, પેન્શન અને ઝ શાખા

* પત્ર દ્વારા